# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24/11/2025** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **લઘુત્તમ ટેકાના ભાવે આજથી ડાંગર, બાજરી, જુવાર, મકાઈ તથા રાગીની ખરીદી શરૂ થશે.**
2. **રાજ્યમાં મંત્રીઓ, ધારાસભ્યોએ વિશેષ મતદાર સુધારણાની કામગીરીમાં નાગરિકોને સહયોગ આપવા અપીલ કરતાં કામગીરી સરળ બની.**
3. **અમદાવાદની વિધાનસભાની બેઠકો ઉપર યોજાયેલી એકતા યાત્રા સંપન્ન થશે.**
4. **મહેસાણા વડનગર ખાતે ગઇકાલે તાનારીરી મહોત્સવ સંપન્ન થયો.**
5. **તાપમાનનો પારો સામાન્ય ઉચો જતાં રાજ્યમાં ઠંડીનું પ્રમાણ ઘટ્યું.**
6. **અમદાવાદમાં યોજાયેલા સાંસદ ખેલ મહોત્સવમાં એક હજાર 900 ખેલાડીઓએ ભાગ લીધો.**

--------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# DANGAR KHARIDI

રાજ્ય સરકાર ખરીફ માર્કેટિંગ સિઝન અંતર્ગત લઘુત્તમ ટેકાના ભાવે આજથી ડાંગર, બાજરી, જુવાર, મકાઈ તથા રાગીની ખરીદી સીધી ખેડૂતો પાસેથી કરશે.

ડાંગર માટે પ્રતિ હેક્ટર 1500 કિલોગ્રામ ડાંગરનો જથ્થો નોંધણી થયેલા ધરતીપુત્રો પાસેથી ખરીદ કરવામાં આવશે. આજથી લઇ આગામી 31 જાન્યુઆરી, 2026 સુધી આ ખરીદી અન્વયે ડાંગર માટે રાજ્યભરમાં 113 ખરીદ કેન્દ્રો નિર્ધારિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, બાજરી માટે 150, જુવાર માટે 50, મકાઈ માટે 82 અને રાગી માટે 19 નિયત કેન્દ્ર પરથી ખરીદી થશે.

આ ખરીદી અન્વયે બાજરી હેક્ટરદીઠ એક હજાર 848 કિલોગ્રામ, જુવાર પ્રતિ હેક્ટર એક હજાર 539 કિલોગ્રામ, મકાઈ હેક્ટર દીઠ એક હજાર 864 કિલોગ્રામ અને રાગી હેક્ટર દીઠ 903 કિલોગ્રામ પ્રમાણે ખરીદી થશે.

કેન્દ્ર સરકાર દ્વારા ક્વિન્ટલ દીઠ ખરીદીના જે લઘુતમ ટેકાના ભાવ જાહેર કરાયા છે તેમાં ડાંગર માટે ક્વિન્ટલ દીઠ બે હજાર 369 અને  બે હજાર 389, બાજરીના ત્રણ હજાર 75, જુવાર (હાઇબ્રીડ)ના ત્રણ હજાર 999, જુવાર (માલદંડી)ના ચાર હજાર 49, મકાઈના  બે હજાર 400 અને રાગી માટે પાંચ હજાર 186 ભાવ રહેશે.

# SIR- OVERALL

ચૂંટણી પંચે જણાવ્યુ છે ખાસ સઘન સુધારણા SIRના બીજા તબક્કાની શરૂઆતથી અત્યાર સુધીમાં મતદારોને 50 કરોડ 47 લાખથી વધુ મત ગણતરી

ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું છે. આ સંખ્યા આ તબક્કામાં આવરી લેવામાં આવેલા આશરે 51 કરોડ મતદારોના 99 ટકાથી વધુ છે. 4 નવેમ્બરથી ગુજરાત સહિત નવ રાજ્યો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોમાં SIRના બીજા તબક્કાની કામગીરી ચાલી રહી છે. આ કામગીરીમાં મંત્રીઓ અને ધારાસભ્યોએ જોડાઈને નાગરિકોને SIRની કામગીરીમાં સહયોગ આપવાની અપીલ કરતા કામગીરી સરળ બની છે.

ગઈકાલે વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ પોરબંદર જિલ્લાના વિવિધ ગામોની મુલાકાત લઈ નાગરિકોને સઘન મતદાર યાદી અંગે માહિતગાર કર્યા હતા.

રાજ્ય મંત્રી રિવાબાએ જાડેજાએ જામનગરમાં વોર્ડ નંબર 6ના મતદાન મથકની મુલાકાત લીધી હતી. તેમણે લોકોને વહેલી તકે ગણતરી ફોર્મ જમા કરાવી SIRની કામગીરીમાં સહયોગ આપવા અનુરોધ કર્યો હતો.

**(બાઈટ – રિવાબા જાડેજા)**

બીજી તરફ જુનાગઢ જિલ્લા ચૂંટણી અધિકારીએ કેશોદ તેમજ જૂનાગઢ શહેરના વિવિધ મતદાન મથકની મુલાકાત લીધી હતી. આ દરમ્યાન ખાસ કેમ્પમાં ચાલી રહેલી કામગીરી તેમજ ફોર્મ ડિજિટલીકરણની પ્રગતિની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી.

મહેસાણા શહેરમાં ચાલી રહેલી SIR અંતર્ગત ગઈકાલે યોજાયેલા ખાસ કેમ્પમાં મોટી સંખ્યામાં લોકોએ ગણતરી ફોર્મ અંગે જાણકારી મેળવી ફોર્મ જમા કરાવ્યા હતા.રાજ્યસભાના સાંસદ મયંક નાયકે શહેરના એક મતદાન મથકની મુલાકાત લીધી હતી.

અમારા છોટાઉદેપુરના પ્રતિનિધિ જણાવે છે કે જેતપુર પાવી તાલુકામાં બીએલઓ ઘરે ઘરે જઈને મતગણતરી ફોર્મ ભરવાની કામગીરી કરી રહ્યા છે. સમડી બુથ ખાતે ફરજ બજાવતાં રાઠવા ચંપાબેન SIR અંતર્ગતની કામગીરી પૂર્ણ કરનાર પ્રથમ મહિલા બન્યા છે.

## UNITY MARCH

સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મ જયંતી નિમિત્તે સમગ્ર રાજ્યની વિવિધ વિધાનસભામાં યુનિટી માર્ચ પદયાત્રા યોજાઇ રહી છે. અમદાવાદની વિધાનસભા બેઠકો ઉપર એકતા યાત્રા યોજાઇ રહી છે. જે અંતર્ગત ગઇકાલે મણીનગર વિધાનસભા વિસ્તારની એકતા યાત્રા યોજાઇ હતી.

સાંસદ દિનેશ મકવાણા અને ધારાસભ્ય અમોલ ભટ્ટની આગેવાની હેઠળ યોજાયેલી આ યુનિટી માર્ચમાં મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા અને સરદાર પટેલના કાર્યોને બિરદાવ્યા હતા. સાંસદ દિનેશ મકવાણાએ જણાવ્યુ હતું કે અમદાવાદની તમામ બેઠકો ઉપર આજે આ યાત્રા સંપન્ન થશે.

(બાઇટ- દિનેશ મકવાણા, સાંસદ, અમદાવાદ પશ્ચિમ)

બીજી તરફ જૂનાગઢ જિલ્લાની વિસાવદર વિધાનસભામાં એકતા યાત્રા યોજાઇ. સાંસદ રાજેશ ચુડાસમાએ એકતા પદયાત્રાને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. માણાવદર ખાતે યોજાયેલી પદયાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....................................

## TANA RIRI MAHOTSAV

મહેસાણામાં વડનગર ખાતે ગઇકાલે તાનારીરી મહોત્સવ સંપન્ન થયો. સમાપન સમારોહમાં જિલ્લા પ્રભારી મંત્રી પ્રવિણ માળી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શાસ્ત્રીય ગાયક ડો. સુભદ્રા દેસાઈ અને સંતુર વાદન નિનદ અધિકારીને સન્માનિત કરાયા હતા. બે દિવસ દરમ્યાન આ મહોત્સવમાં શાસ્ત્રીય ગાયન, વાદન અને લોકસંગીતના કાર્યક્રમોનું આયોજન કરાયું હતું.

ઉલ્લેખનીય છે કે આ વર્ષે શાસ્ત્રીય ગાયિકા કલાપિની કોમકલીને તાના-રીરી સંગીત સન્માન પુરસ્કાર એનાયત કરાયો છે.

## WEATHER

રાજ્યભરમાં તાપમાનનો પારો સામાન્ય ઉચકાતા ઠઁડીનું પ્રમાણ ઘટ્યું છે. હવામાન વિભાગે આગામી પાંચ દિવસોમાં તાપમાનમાં કોઇ મોટા ફેરફારની નહિવત શક્યતા દર્શાવી છે. જેને કારણે ઠઁડીનું પ્રમાણ યથાવત રહેશે તેમ હવામાન વિભાગના વડા ડો. એ કે દાસે જણાવ્યું હતું.

(બાઇટ- ડો. એ કે દાસ, હવામાન વિભાગના વડા, અમદાવાદ)

## VALSAD AYUSH MELO

વલસાડ જિલ્લા પંચાયત દ્વારા ગઇકાલે પારડી ખાતે આયુષ મેળો અને મેગા કેમ્પ યોજાયો. જેમાં નાણાં મંત્રી કનુ દેસાઈ વિશેષ ઉપસ્થિત રહયા હતા. તેમણે લોકોને આયુર્વેદ અપનાવવા અપીલ કરી હતી.

આ મેળામાં આયુર્વેદ પ્રદર્શન, વનસ્પતિ, ઔષધીય આહાર અને રંગોળી સહિતના કાર્યક્રમ યોજાયા અને બાળકોને સુવર્ણપ્રાશન કરાવવામાં આવ્યું હતું.

# DIU MEDICAL CAMP

દીવની શહિદ ગ્રામ પંચાયતના સહયોગથી રાષ્ટ્રીય આયુષ મિશન આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા નિશુલ્ક આરોગ્ય તપાસ તથા યોગ શિબિર યોજાઇ. જેમાં નાગરિકોને આરોગ્યની જાણવણી તેમજ માનસિક સ્વાસ્થ્ય અઁગેની સમજ આપી હોવાનું આરોગ્ય અધિકારી ડોક્ટર ભાવિક પંડ્યાએ જણાવ્યુ હતું.

(બાઇટ- ડો. ભાવિક પંડ્યા, આરોગ્ય અધિકારી)

# SANSAD KHEL MAHOTSAV

અમદાવાદમાં એસ જી હાઇવે સ્થિત હિરામણી શિક્ષણ સંકુલમાં 21થી 23 નવેમ્બર દરમિયાન સાંસદ નરહરિ અમીનના નેજા હેઠળ ખેલ મહોત્સવ યોજાયો હતો.

જેમાં ગાંધીનગર સહિતની વિવિધ સ્કૂલોના વિદ્યાર્થીઓએ ખોખો, કબડ્ડી, લીંબુ ચમચી જેવી નવ અલગ અલગ રમતોમાં ભાગ લીધો હોવાનું સાંસદ નરહરિ અમીને જણાવ્યું હતું.

(બાઇટ: નરહરિ અમીન, સાંસદ)

# GUWAHATI TEST

પુરુષોની ક્રિકેટમાં, ગુવાહાટીમાં રમાઇ રહેલી બીજી અને અંતિમ ટેસ્ટમાં ભારત આજે પ્રથમ ઇનિંગ્સમાં વિના વિકેટે નવ રનથી પોતાનો દાવ આગળ રમશે.

ગઇકાલે, દક્ષિણ આફ્રિકા 489 રનમાં ઓલ આઉટ થયું હતું. તિયાન મુથુસામીએ શાનદાર પ્રદર્શન કરતાં 109 અને જાનસેનએ 93 રન બનાવ્યા હતા.

ભારત તરફથી કુલદીપ યાદવે સૌથી વધુ ચાર વિકેટ લીધી, જ્યારે જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ અને રવિન્દ્ર જાડેજાએ બે-બે વિકેટ લીધી. ઉલ્લેખનીય છે કે આ શ્રેણીમાં દક્ષિણ આફ્રિકા 1-0થી આગળ છે.

# SOMANTH KARTIKI PURNIMAMELO

સોમનાથ મહાદેવના સાનિધ્યે કાર્તિકી પૂર્ણિમાના મેળો હવે 27 નવેમ્બરથી એક ડિસેમ્બર સુધી યોજાશે. આ મેળાની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો છે.

આ વર્ષે કમોસમી વરસાદ થતાં મેળો 25 દિવસ મોડો શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. વિશ્વ પ્રસિધ્ધ 12 જયોતિર્લિંગમાં પ્રથમ સોમનાથ મહાદેવ કાર્તિક પૂર્ણિમાનો મેળામાં હજારો શીવ ભક્તો આ મેળામાં દર્શનાર્થે આવતાં હોય છે.

-----------------------------------------------------------------------------------